### સુપ્રીમ કોર્ટના સિનિયર એડવોકેટ શ્યામ દિવાને આધારકાર્ડ મુદ્દે કહ્યું

# પ્રા. કંપનીઓ આધારના યુઝ માટે સરકાર સાથે મળી હવે સુપ્રીમકોર્ટ પર દબાણ લાવશે

## શ્યામ દિવાને લિબર્ટી, પ્રાઈવેસી અને આધારકાર્ડ વિશે વાતચીત કરી

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

સુપ્રીમ કોર્ટ દ્વારા આધાર કાર્ડને સ્કૂલમાં એડમિશન, બેંક એકાઉન્ટ ખોલવા અને સિમકાર્ડ લેવા માટે જરૂરી નહીં હોવાનો ચૂકાદો આપીને આધારકાર્ડને મર્યાદિત ક્ષેત્રો સુધી ફરજીયાત કરી દીધુ છે, ત્યારે આ કેસમાં એડવોકેટ તરીકે ફરજ બજાવી રહેલા સુપ્રીમ કોર્ટના સિનિયર એડવોકેટ શ્યામ દિવાને GNLUમાં આયોજીત ઓપન હાઉસમાં આધારકાર્ડ મુદ્દે સર્જાયેલી અરાજકતા, સુપ્રીમનો ચુકાદો, કાયદાકીય કે બંધારણીય રીતે આધાર એક્ટ કેટલો યોગ્ય જેવા વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. આધારકાર્ડ વિશે શ્યામ દિવાને કહ્યું કે, 'આધારકાર્ડ સરકારે દરેક ક્ષેત્રમાં લિંકઅપ કરવાથી અને લિંકઅપ માટે ફિંગરપ્રિન્ટ આપવાને કારણે કોઈપણ વ્યકિતનું મોનેટરિંગ આધારકાર્ડ દ્વારા સરકાર કરી શકે છે. જે રીતે ભારતમાં લોકશાહી છે અને પ્રજા પોતાનો મત આપીને એક ભરોસા સાથે પ્રજાના પ્રતિનિધી તરીકે કોઈને ચૂંટે છે. તેવી જ રીતે સરકારે પણ નાગરિકો પર વિશ્વાસ રાખીને તેમની ગોપનિયતા જાળવી જોઈએ.'

## સુપ્રીમના ચૂકાદા બાદ હવે શું કરશે ટેલિકોમ કંપનીઓ ?



શ્યાન દિવાને કહ્યું કે, ' ટેલિકોમ કંપનીઓ અને ઈ-કોમર્સ બિઝનેસમાં આધાર પહેલા લિંકઅપ કરવું પડતું હતું, પરંતુ હવે સુપ્રીમના ચૂકાદા બાદ તે ગેરબંધારણીય જાહેર કરાયું છે. આ પરિસ્થિતિમાં પ્રા.કંપનીઓએ આધાર લિંકઅપ મુજબ બિઝનેસ મોડલ્સ પહેલાથી બનાવી નાખ્યું છે. હવે સુપ્રીમના ચૂકાદા બાદ પ્રા.કંપનીઓ મુંઝવણમાં છે કે શું કરવું જેથી ફરી આધાર ફરજીયાત બને. જેના માટે હવે પ્રા.કંપનીઓ સરકાર પર કાયદાકીય રીતે આધારને ફરજીયાત બનાવવાનું પ્લાનિંગ કરી રહી છે. જેથી ભવિષ્યમાં સરકાર પ્રા.કંપનીઓ સાથે મળીને સુપ્રીમકોર્ટ પર દબાણ લાવશે.

Scanned by CamScanner